# ગાંધીનગરમાં હવે ગગનચૂંબી ઈમારતો બનશે



## ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં હવે ૭૦ થી વધુ માળની આભને આંબતી બિલ્ડીંગો બનશે : મુખ્યમંત્રી વિજય રૂપાણીનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં હવે સિંગાપોર અને દુબઈ જેવા સ્કાય સ્ક્રેપર્સ-ટોબ આઈકોનિક બિલ્ડીંગ બનશે. નગરમાં વિદેશની પેટર્ન મુજબ ગગનચૂંબી ઈમારતો જોવા મળશે. મુખ્યમંત્રીએ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોમાં ૭૦ માળની આભને આંબતી ઈમારતો બાંધવા પરવાનગી આપી દીધી છે.

મુખ્યમંત્રીએ રાજ્ય શાસનનું દાયિત્વ સંભાળ્યું ત્યારથી જ આયોજનબદ્ધ અને વિશ્વકક્ષાના શહેરી વિકાસ, સ્માર્ટ-સસ્ટેઈનેબલ સિટી ડેવલપમેન્ટના અનેક પ્રજાહિતલક્ષી નિર્ણયો કર્યા છે તેમાં આ એક વધુ સીમાચિન્હ તેમણે સર કર્યુ છે.

વિજયભાઈ રૂપાણીએ મહાનગરોના સર્વગ્રાહી વિકાસના ઉદ્દેશ્યથી ચાર વર્ષના શાસન સમય દરમ્યાન ટી.પી., ડી.પી.ની મંજૂરીના બેવડા શતક અંતર્ગત ૨૦૦ થી વધુ ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર કરેલી છે.

હવે તેમણે રાજ્યના આ પાંચ મહાનગરોની આગવી ઓળખ ઊભી કરવાના હેતુસર રાજ્યમાં હાલ અમલી સીજીડીસીઆર-૨૦૧૭માં ટોલ બિલ્ડીંગ્સ-ઊંચી ઈમારતો માટેના રેગ્યુલેશન્સ આમેજ કરવાનો નિર્ણય કર્યો છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે અમદાવાદ સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર શહેરોનો રાજ્યના વિકાસ અને જીડીપીમાં સિંહફાળો છે.

એટલું જ નહિ શહેરી વિસ્તારમાં રોજગારીની તકો વધુ હોવાથી અને ગ્રામ્ય વિસ્તારમાંથી સ્થળાંતર તેમજ કુદરતી વિકાસના કારણે મકાનોની માંગ દિન પ્રતિદિન વધે છે, તેથી જમીનોની કિંમત પણ ઘણી વધી જાય છે.

શહેરના આયોજિત વિસ્તારની સર્વિસ લેન્ડનો મહત્તમ ઉપયોગ થઈ શકે અને વધુ લોકોનો સમાવેશ કરી શકાય તે માટે વર્ટીકલ ડેવલપમેન્ટ જરૂરી છે.

જમીનોની કિંમત ઓછી થાય અને મકાનો સસ્તા થતાં સામાન્ય માનવીને પરવડે તેવા એફોર્ડેબલ મકાનો મળી શકે.

વિકાસલક્ષી અભિગમથી મુખ્યમંત્રીએ ટોલ બિલ્ડીંગ-ગગનચૂંબી ઈમારતોના નિર્માણ માટે મંજૂરી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરેલો છે.

આવા મકાનો માટે મુંબઈ, દિલ્હી વિગેરે શહેરોના નિયમોનો અભ્યાસ કર્યા બાદ નિયમોનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં સ્ટ્રકચર સેફટી, ફાયર સેફટી, ટેકનિકલ આસ્પેક્ટ્સ મંજૂરી માટે મુંબઈની જેમ સ્પેશિયલ ટેકનિકલ કમિટી વગેરેની તમામ જોગવાઈઓ સૂચવવામાં આવી છે.

રાજ્યમાં શહેરી વિસ્તારમાં થઈ રહેલ તમામ સ્તરીય આંતરમાળખાકીય વિકાસ તથા રોજગારીની તકો સહ લોક સુખાકારીના કારણે વધતા જતા જમીનના ભાવો તથા અર્બન સ્પ્રોલ (Urban sprawl)ને નિયંત્રિત કરવા માટે સ્ટ્રેટેજીક અને નિયમબદ્ધ આયોજન દ્વારા હાઈ ડેન્સીટી ડેવલપમેન્ટની તાતી જરૂરિયાત છે.

### કેટલીક મહત્વની જોગવાઇઓ

- ટોલ બિલ્ડીંગની આ જોગવાઈ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈના બિલ્ડીંગ્સને લાગુ થશે. તેમજ બિલ્ડીંગનો આસ્પેક્ટ રેશીયો (લઘુત્તમ પહોળાઈ : ઊંચાઈ) ૧:૯ કે વધુ હોય તેને લાગુ થશે.
- વધુમાં આ જોગવાઈ ડી૧ કેટેગરીના સત્તામંડળો જેમ કે AUDA/SUDA/VUDA/RUDA અને GUDA માં એવા વિસ્તારમાં લાગુ થશે, જ્યાં હાલ CGDCR મુજબ બેઈઝ FSI ૧.૨ કે તેથી વધારે મળવાપાત્ર છે.
- આ પ્રકારના બિલ્ડીંગ્સની ચકાસણી માટે સ્પેશયલ ટેકનીકલ કમિટીની રચના થશે.
- સત્તામંડળમાં અરજી કર્યા બાદ સ્પેશ્યલ ટેકનીકલ કમીટી (STC) દ્વારા ચકાસણી અને મંજૂરી માટે ભલામણ કરાશે.
- ૩૦ મીટર પહોળાઈના કે તેથી વધુ પહોળાઈના ડી.પી., ટી.પી.ના રસ્તા પર મળવાપાત્ર થશે.
- ૧૦૦ થી ૧૫૦ મીટર ઉંચાઈ માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ ૨૫૦૦ ચો.મીટર રહેશે.
- ૧૫૦ મીટરથી વધુ ઉંચાઈ માટે લઘુત્તમ પ્લોટ સાઈઝ ૩૫૦૦ ચો.મીટર રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૬ કેસ

### ગાંધીનગરમાં ૯, દહેગામ-માણસામાં ૩-૩ અને કલોલમાં ૧ જ કેસ : વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૬ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધતાં તંત્ર દ્વારા માસ સેમ્પલીંગ સાથે આક્રમકતાથી કોરોનાના કેસો શોધવા માટેની ખાસ ઝુંબેશ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ પણ સારો રહેવા પામ્યો છે. જો કે સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા અંગે તંત્ર ચુપકીદી સેવી રહ્યું છે. જો કે માસ સેમ્પલીંગમાં પણ કેટલા પોઝીટીવ કેસ મળ્યા તેને લઈ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

જિલ્લામાં આજે ગાંધીનગર તાલુકામાં ૯, દહેગામમાં ૩ અને માણસામાં ૩ અને કલોલમાં એક કેસ નોંધાયો છે.

જિલ્લાતંત્રના જણાવ્યા પ્રમાણે કલોલમાં હવે ધીમી ગતિએ પરિસ્થિતિ નિયંત્રણમાં આવી રહી છે. જો કે ગાંધીનગર તાલુકામાં કેસોની સંખ્યા સતત વધી રહી છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે ૬૧ વર્ષીય મહિલા, વાસણા હડમિતાયા ગામેથી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોલવડા ગામેથી પણ એક ૬૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રૂપાલ ગામેથી આજે વધુ ૧ કેસ મળી આવ્યો છે. રૂપાલમાંથી છુટા છવાયા પણ ધીમી ગતિએ કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. રૂપાલમાંથી આજે ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી પણ એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાંથી ૪૩ વર્ષીય પુરૂષ, ઝુંડાલમાંથી ૪૫ વર્ષીય પુરૂષ અને સરગાસણમાંથી એક ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પેથાપુરમાંથી એક ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારો જે સેમી અર્બન વિલેજ તરીકે વિકસી રહ્યા છે ત્યાંથી કેસોની સંખ્યા વધતાં તંત્રની સેવાઓ અંગે પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે.

આજે ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા ૯ કેસોમાં ૪ મહિલા દર્દીઓ મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કેસ ૨ હજારને પાર

### ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસો વધ્યા : ટેસ્ટીંગમાં વધારો કરી કોરોના સામે આક્રમક જંગ ખેલવાની તંત્રની વ્યુહરચના

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦૦ના આંકને પાર કરી ગઈ છે. જો કે તંત્ર પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરી રહેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. તંત્રએ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માસ સેમ્પલીંગ કરી દર્દીઓને શોધી અને સમયસર સારવાર મળી રહે તેવો અભિગમ હાથ ધર્યો છે.

તંત્ર દ્વારા ધન્વન્તરી રથ દ્વારા પણ લોકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં કેસોની સંખ્યા વધુ જરૂર છે પણ રિકવરી રેટ પણ સારો છે. જોકે મૃત્યુઆંક વધારે હોવાથી તંત્ર ચૂપકીદી સેવે છે.

જિલ્લામાં કોરોના કયા સ્ટેજમાં છે તે અંગે પણ કોઈ ખુલીને બોલવા માટે તૈયાર નથી. કલોલ, ગાંધીનગરમાં કેસોની સંખ્યા ૧૦૦૦ને પાર કરી ગઈ છે. માણસામાં પણ કેસોની સંખ્યા વધી રહી છે તો દહેગામમાં પણ કેસોની સંખ્યા ૧૦૦ને પાર કરી ચુકી છે.

જિલ્લામાં ૧૧૦ થી વધુ દર્દીઓના સારવાર

● અનુસંધાન પાન-૭ પર

# મનપા બાદ ગુડાની કચેરીમાં કોરોનાનો હાહાકાર : ચારને સંક્રમણ

### ગુડાના એન્જિનિયર ઉપરાંત ત્રણ કર્મચારીઓ કોરાનામાં સપડાયા : ગુડાની કચેરીમાં સેનેટાઇઝેશન કરાયુ : અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હોમ કવોરન્ટાઇન : કચેરીમાં કોઇ લાભાર્થી કે અરજદારોને પ્રવેશ અપાશે નહીં

ગાંધીનગર તા ૧૮

કોર્પોરેશન બાદ ગુડાની કચેરીમાં પણ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ગુડાની કચેરીના એક અધિકારી ઉપરાંત ત્રણ કર્મચારીઓને કોરોના પોઝિટીવ આવતા કચેરીના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હોમ કવોરન્ટાઈન થઈ ગયા છે. ગુડાની કચેરીને પણ સેનેટાઈઝ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત હાલ ગુડાની કચેરીમાં કોઈપણ અરજદાર કે લાભાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો નથી.

સમગ્ર દેશમાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રોજબરોજ નવા કેસો સામે આવી રહ્યા છે. જયારે ગુજરાતમાં પણ કોરોનાના રોજના અંદાજિત ૧ હજાર જેટલા નવા કેસ નોંધાઈ રહ્યા છે. જો કે રીકવરી રેશિયો પણ વધતા આરોગ્યતંત્રએ થોડો હાંશકારો પણ અનુભવ્યો છે. ગાંધીનગરમાં પણ કોરોનાના વધતા કહેરના લીધે નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો છે. સેકટરોમાં રોજબરોજ નવા કેસો સામે આવી રહ્યા છે. જયારે નગરની સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ અને અધિકારીઓ કોરનામાં સપડાઈ રહ્યા છે. કોર્પોરેશનમાં સીટી ઈજનેર સહીત છ થી આઠ કર્મચારીઓ ઝપેટમાં આવ્યા હતા જયારે આજે ગુડાની કચેરીમાં પણ કોરોનાએ કહેર મચાવ્યો હતો. ઉદ્યોગભવનમાં ચોથા માળે સ્થિત ગુડાની કચેરીમાં પણ એક એન્જિયર ઉપરાંત ત્રણ કર્મચારીઓ કોરાનાનુ સંક્રમણ લાગ્યુ છે. આ સ્થિતિ વચ્ચે કચેરીના અન્ય કર્મચારીઓ અને અધિકારીઓને પણ કોરન્ટાઈ કરી દેવાયા છે. આવા સંજોગોમાં અન્ય અરજદારો તેમજ લાભાર્થીઓને પણ ગુડાની કચેરીમાં પ્રવેશ આપવામાં આવતો નથી. શહેરમાં તહેવારોના દિવસોમાં કોરોનાનુ સંક્રમણ ચિંતાજનક રીતે ફેલાઈ રહ્યુ છે. નગરમાં કાર્યરત કાર્પોરેશન સહીત ગુડાની કચેરી પણ કોરોનાના કહેરથી બાકાત રહી નથી. કોર્પોરેશન બાદ ગુડાની કચેરીમાં પણ આજે ચાર જેટલા કર્મચારીઓને કોરોના પોઝિટીવ આવતા આ અધિકારી કર્મચારીઓના સંપર્કમાં હોય તેવા સ્ટાફના સભ્યોને પણ કોરંન્ટાઈન કરી દેવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના વધુ ૧૧ કેસ

### આજે સારવાર દરમ્યાન સે. ૪ ની મહિલા દર્દીનું મોત : સે. ૨૪ માં ૨, સે. ૭ માં ૨, સે. ૨, સે. ૩, સે. ૨૩, સે. ૨૭, સે. ૨૮, સે. ૨૯ અને સે. ૧૩ માંથી કેસો મળ્યા : આજે ૬ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૬૫૭૫૨ પહોંચી છે.

આજે સારવાર દરમ્યાન સે. ૪-સી ની ૬૫ વર્ષીય એક મહિલાનું મોત થયુ છે. શહેરમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૨૨ પર પહોંચી છે. શહેરમાં કેસોની સંખ્યા વધવા સાથે બે દિવસમાં બે દર્દીના મોત થતાં તંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દીને સારવાર માટે ૧૦મી ઓગષ્ટના રોજ દાખલ કરવામાં આવી હતી. ૮ દિવસ સુધી કોરોના સામે તેને લડત આપી હતી. જો કે આજે બપોરના સમયે આ મહિલાએ તેના અંતિમ શ્વાસ લીધા હતા.

દરમ્યાન શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. જો કે વધતા જતા કેસોને પગલે તંત્રએ ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કર્યો છે તેમજ શહેરમાં સર્વેલન્સ પણ સઘન બનાવ્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૭, સે. ૨, સે. ૨૪ માં બે કેસ ઉપરાંત સે. ૨, સે. ૨૩, સે. ૨૭, સે. ૩, સે. ૨૮, સે. ૧૩ અને સે. ૨૯માંથી કેસો મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## બ્રહ્માકુમારી કેન્દ્રના વડા કૈલાસદીદીનો કોરોના પોઝીટીવ

### આશ્કા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા : શહેરમાં ધાર્મિક સંસ્થામાં પણ કોરોનાએ હાજરી પુરાવી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં મનપા અને ગુડાની કચેરી બાદ કોરોનાએ ધાર્મિક સ્થાનોમાં પણ પોતાની હાજરી પુરાવી છે. સે. ૨૮ માં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી કેન્દ્રના વડા પૂ. કૈલાસદીદીનો આજે કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સ્થિત આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ કેન્દ્રને તાત્કાલિક સેનીટાઈઝ કર્યા બાદ અહિ રહેતા ૧૫ કાર્યકરોને પણ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. કૈલાસદીદીની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. તેમની ૭૨ વર્ષની આયુ છે. તેમણે શરદી તાવ અને ખાંસીની ફરિયાદ સાથે એક ખાનગી ફિજીશ્યનને ત્યાં સારવાર માટે ગયા હતા આ પછી તેમનો ટેસ્ટ કરવામાં આવતાં તેમનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. કૈલાસદીદીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ કેન્દ્ર સાથે સંકળાયેલ અનુયાયીઓમાં ચિંતાની લાગણીનું મોજુ પ્રસરી ગયુ હતુ.

## શહેરમાં વધુ ૧૪૫ના ટેસ્ટ કરાયા : ૩૨ વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૪૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. છેલ્લા બે દિવસમાં ૨૮૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૬ લોકોને કોરોના પોઝીટીવ જણાયો છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધતાં તંત્રએ ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કરી દીધો છે. છેલ્લા એક સપ્તાહમાં ૭૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. દરમ્યાન તંત્રએ આજે કન્ટેનમેન્ટ ઝોનમાંથી ૩૨ જેટલા વિસ્તારોને મુક્ત કર્યા હતા. જો કે આજે પણ શહેરમાં કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારો ૨૫૦ થી વધુ છે. તંત્ર દ્વારા શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કર્યા બાદ કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ અંગે પણ આકરૂ વલણ દાખવવાનો નિર્ણય કર્યો છે. જો કે શહેરમાં લોકલ ટ્રાન્સમિશન છે કે કોમ્યુનીટી ટ્રાન્સમિશનને લઈ તંત્ર હજુ પણ દ્વિધામાં છે.

# અસામાજિક પ્રવૃતિ સામે કડક હાથે કામ લેવા પોલીસને સૂચના

### મુખ્યમંત્રીનો પોલીસને કડક શબ્દોમાં આદેશ

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના પોલીસ અધિકારીઓને સ્પષ્ટ પણે જણાવ્યું કે પ્રજાહિતના કામો અને કાયદો વ્યવસ્થાના પાલનમાં રાજ્ય સરકાર ક્યારેય તેમને રોકશે નહિ જ પોલીસ અધિકારીઓ હિમ્મત પૂર્વક આગળ વધે..સીએમ રૂપાણીએ કહ્યું કે રાજ્યના વિકાસને સોળે કળાએ ખીલવવા અને ઉત્તમથી સર્વોત્તમ રાજ્ય બનાવવાના પાયામાં સુદ્રઢ કાયદો વ્યવસ્થા રહેલા છે. પ્રજાને સતત પ્રતીતિ થાય કે પોલીસ સદાય તેની પડખે છે તેવા પર્સેપશન સાથે અને અસામાજિક પ્રવૃતિઓ સામે સખતાઈથી પેશ આવવા તેમણે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.મુખ્યમંત્રીએ ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં રાજ્યના મહાનગરોના પોલીસ કમિશનરો રાજ્યની વિવિધ રેન્જના આઈ.જી તેમજ તમામ જિલ્લા ના પોલીસ અધિક્ષકો સાથે ગાંધીનગર થી વીડિયો કોન્ફરન્સ યોજી હતી. તેમણે કોરોના સંક્રમણ કાળમાં કોરોના વોરિયર્સ તરીકે રાજ્યના પોલીસ બેડાએ જે કામગીરી પ્રજાના મિત્ર તરીકે અને પ્રજા હિતમાં કરી છે તેની પ્રસંશા કરી હતી. મુખ્યમંત્રીએ લોકડાઉન ના પાલન અને હવે અન લોક ડાઉનની સ્થિતિમાં પણ પોલીસ ની કામગીરી માટે અભિનંદન પાઠવ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com